# એસ.એસ.આઇ.પી. **2.0** જાગૃતિ કાર્યક્રમનો અહેવાલ

વિભાગ: ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ
સ્થળ: શ્રી કે.જે. પોલિટેકનિક, ભરુચ
તારીખ: 23/09/2025 -24/09/2025
હાજરી: ૧૨૨ વિદ્યાર્થી

## કાર્યક્રમનો હેતુ

રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી **(SSIP 2.0)** વિષે વિદ્યાર્થીઓને જાગૃત કરવા અને તેમને નવા નવતર વિચારો, પ્રોજેક્ટ્સ અને સ્ટાર્ટઅપ માટે પ્રોત્સાહિત કરવા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



---

## કાર્યક્રમનું વર્ણન

આ જાગૃતિ કાર્યક્રમમાં ઇલેક્ટ્રિકલ વિભાગના કુલ ૧૨૨ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં વિભાગના વડા અને ઇન્સ્ટિટ્યૂટ **SSIP** કોઓર્ડિનેટર શ્રી સંજય સી. પટેલ સાહેબ SSIP 2.0 અંગે વિગતવાર પરિચય આપ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ અને નવીનતા વિષે પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું અને તેમને પોતાના વિચારોને વાસ્તવિક રૂપ આપવા માટે પ્રોત્સાહિત કર્યા.

પછી વિભાગના **SSIP** કોઓર્ડિનેટર શ્રી હાર્દિક અગ્રાવત્ત દ્વારા SSIP 2.0 વિષે વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું. તેમણે વિદ્યાર્થીઓને SSIP 2.0 હેઠળ ઉપલબ્ધ વિવિધ તકો વિશે સમજાવ્યું જેમાં પ્રોટોટાઇપ ડેવલપમેન્ટ ગ્રાન્ટ, મેન્ટરશિપ સપોર્ટ, પેટન્ટ સહાય અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ સાથે જોડાવાની તક શામેલ છે.

વિદ્યાર્થીઓને ખાસ કરીને SSIP પોર્ટલ પર રજીસ્ટ્રેશન પ્રક્રિયા, પ્રોજેક્ટ આઈડિયા સબમિશન અને પસંદગી પ્રક્રિયા વિશે માહિતી આપવામાં આવી.

વિદ્યાર્થીઓએ કાર્યક્રમને ખૂબ જ ઉપયોગી ગણાવ્યો. અનેક વિદ્યાર્થીઓએ નવીન વિચારો રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી અને SSIP હેઠળ પોતાની ટીમ બનાવીને પ્રોજેક્ટ પ્રસ્તાવ સબમિટ કરવાની તૈયારી બતાવી.

vivo V60 | ZEISS
23mm f/1.88 1/100s ISO144
07/02/2026, 12:15




આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં નવાચાર પ્રત્યે રસ વધ્યો, SSIP 2.0 ની વિગતો જાણવા મળી અને તેઓ પોતાના પ્રોજેક્ટ વિચારોને આગળ વધારવા માટે ઉત્સાહિત બન્યા. આ કાર્યક્રમ વિભાગ માટે ખૂબ જ સફળ સાબિત થયો.



## નિષ્કર્ષ

શ્રી કે.જે. પોલિટેકનિક, ભરુચ ખાતે આયોજિત આ SSIP 2.0 જાગૃતિ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયક સાબિત થયો. આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં સંશોધન, નવાચાર અને સ્ટાર્ટઅપ પ્રત્યે જાગૃતિ વધે છે, જે ભવિષ્યમાં વિભાગ અને સંસ્થાને વધુ સારું સ્થાન અપાવશે.

- શ્રી સંજય સી. પટેલ – ઈન્સ્ટિટ્યૂટ SSIP કોઓર્ડિનેટર
- શ્રી હાર્દિક ~~અગ્રવાલ~~ અગ્રાવત – વિભાગીય SSIP કોઓર્ડિનેટર

(S.C.Patel)
SSIP Coordinator

vivo V60 | ZEISS
23mm f/1.88 1/100s ISO135
07/02/2026, 12:16